# હોમ-ઓટો લોન સસ્તી : રેપોરેટ ઘટાડાયો

મુંબઈ,તા. ૨૯

નવ મહિનાના લાંબાગાળા બાદ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આજે સવારે ધારણા પ્રમાણે ટૂંકી અવધીના ધિરાણદર અથવા તો રેપોરેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરતા લોન સસ્તે થઈ ગઈ છે. રેપોરેટ ૦.૨૫ ટકા ઘટાડીને ૭.૭૫ ટકા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આરબીઆઈએ કેશ રિઝર્વ રેસિયો અથવા તો સીઆરઆરમાં પણ ૦.૨૫ ટકાનો ઘટાડો કરીને આને ચાર ટકા કરી દીધો છે. અપેક્ષા મુજબ જ પગલાં લેવામાં આવતા બજારમાં નવી તેજી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. રેપો રેટમાં ઘટાડો કરતા આ હિલચાલથી હોમ, ઓટો અને કોર્પોરેટ લોન ફરી સસ્તી થઈ છે. સામાન્ય લોકોને આનાથી મોટી રાહત મળવાની શક્યતા દેખાઈ રહી છે. છેલ્લા ઘણા મહિલાઓથી રેટમાં ઘટાડો કરવામાં આવ્યો ન હતી. હવે ફરી એકવાર રેટમાં ઘટાડાનો સિલસિલો શરૂ થયો છે. જો કે આરબીઆઈ પાસો વ્યાજદરમાં ઘટાડો કરવા માટે વધારે વિકલ્પ દેખાઈ રહ્યા નથી. આજે સવારે આરબીઆઈએ તેની નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરતી વેળા રેપોરેટમાં ૦.૨૫ ટકાનો અને સીઆરઆરમાં પણ ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો હતો. બીજી બાજુ રિવર્સ રેપોરેટ જે લિક્વિડીટી એડજેસ્ટમેન્ટ ફેસીલીટી હેઠળ છે. તેમાં પણ ઊથલ પાથલ થઈ છે અને તે સીધી રીતે ૬.૭૫ ટકા થઈ ગયો છે. સીઆરઆરમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ બેંકિંગ વ્યવસ્થામાં ૧૮૦૦૦ કરોડની પ્રાથમિક લિક્વિડીટી ઠાલવવામાં આવશે. એપ્રિલ ૨૦૧૨માં છેલ્લે રિઝર્વ બેંકે રેટમાં કાપ મૂકયો હતો.



ત્યારબાદથી ફુગાવાને અંકુશમાં લેવા માટે આરબીઆઈએ કઠોર નાણાંકીય નીતિને અમલી બનાવી હતી. છેલ્લા ઘણા સમયથી બેન્કરો અને નિષ્ણાંતો દ્વારા વ્યાજદરમાં ઘટાડો કરવાની માંગ કરવામાં આવી રહી હતી. પોલીસી સમીક્ષા પહેલા જારી કરવામાં આવેલા અર્થતંત્ર અંગેના અહેવાલમાં આરબીઆઈએ વર્તમાન નાણાંકીય વર્ષ માટે વિકાસ આગાહી અગાઉના ૫.૯ ટકાના અંદાજથી ઘટાડીને ૫.૫ ટકા કરી હતી. આ ઉપરાંત આગામી નાણાંકીય વર્ષ માટે વિકાસ આગાહી પણ ૬.૬ ટકાથી ઘટાડીને ૬.૫ ટકા કરવામાં આવી હતી. ફુગાવાના સંબંધમાં આરબીઆઈએ કહ્યું છે કે તે માર્ચના અંત સુધી ૭.૫ ટકા રહેવાનો અંદાજ છે. જો કે આરબીઆઈએ ઉમેર્યું હતું કે ફુગાવો હજુ પણ ચિંતાજનક છે. આને કાબૂમાં લેવાની જરૂર છે. હાલમાં હાથ ધરવામાં આવેલા સુધારા પગલાંનો ઉલ્લેખ કરતા આરબીઆઈએ કહ્યું હતું કે તેઓ તાત્કાલિક ધોરણે જોખમ ઘટાડી ચૂકી છે પરંતુ ભારતીય અર્થતંત્ર માટે ટકાઉ વિકાસ આડે હજુ અચડણો રહેલી છે. વધતી જતી વર્તમાન ખાતાકીય ખાદ્ય (સીએડી)નો ઉલ્લેખ કરતા આરબીઆઈએ કહ્યું છે કે તે વર્ષ ૨૦૧૨-૧૩માં સતત બીજા વર્ષમાં ૪ ટકાથી વધુ રહી શકે છે. સીએડી/જીડીપી રેસિયો વર્ષ ૨૦૧૨-૧૩ના બીજા ત્રિમાસિક ગાળામાં ૫.૪ ટકાની હજુ સુધીની સૌથી ઊંચી સપાટીએ રહ્યો હતો. આરબીઆઈના આજના પગલાંથી બજારમાં નવી આશા જાગી છે. નવા સુધારવામાં આવેલા દર ૯મી ફેબ્રુઆરી ૨૦૧૩થી અમલી બનાવવામાં આવશે. રિઝર્વ બેંકે ફુગાવાનો અંદાજ પણ માર્ચ ૨૦૧૩ માટે અગાઉના ૭.૫ ટકાની સરખામણીમાં ૬.૮ ટકા કર્યો છે. રિઝર્વ બેંકના ગવર્નર ડી સુબ્બારાવ દ્વારા પોલીસી સમીક્ષાની જાહેરાત કરી હતી.

# દિલ્હી ગેંગ રેપની સુનાવણી દિલ્હીમાં જ ચાલશે

નવી દિલ્હી,તા. ૨૯

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે સમગ્ર દેશને હચમચાવી મુકનાર દિલ્હી ગેંગ રેપ કેસમાં ટ્રાયલને રાષ્ટ્રીય પાટનગરની બહાર ખસેડવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટના આ આદેશનો મતલબ એ છે કે ગેંગ રેપ કેસમાં ટ્રાયલ હવે દિલ્હીમાં જ ચાલશે. ચીફ જસ્ટિસ અલ્તામસ કબીરના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટની બેંચે અરજીદારની રજુઆતને ફગાવી દીધી હતી. ટ્રાન્સફર અરજી કરવાને લઈને પહેલાથી જ વિવાદ ઉભો થયો હતો અને આનો વિરોધ પણ થયો હતો. ટ્રાન્સફર અરજીને ફગાવતા કોર્ટે કહ્યુ હતુ કે ગેંગ રેપના આરોપી મુકેશ તરફથી આ મામલામાં ઉપસ્થિત થવા વકીલ યોગ્ય સ્થિતિમાં નથી. આ કેસની છેલ્લી સુનાવણી વેળા સુપ્રીમ કોર્ટે ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ના ગેંગ રેપ કેસમાં તપાસ કરી રહેલા સેશન જજને કેટલીક સૂચનાઓ આપી હતી. આરોપી તેમના વકીલ મારફતે આગળ વધવા માંગે છે કે કેમ તે મામલે પણ સૂચનાઓ આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગેંગ રેપના એક આરોપીએ દિલ્હીની બહાર કેસને ટ્રાન્સફર કરવાની માંગ કરી હતી. આ અરજી ગેંગ રેપના આરોપી પૈકીના એક મુકેશના વકીલ દ્વારા કરવામાં આવી હતી. અન્ય એક વકીલ વીકે આનંદ દ્વારા કોર્ટમાં જણાવવામાં આવ્યું હતુ કે તેઓ ટ્રાયલ કોર્ટ સમક્ષ આરોપીનું પ્રતિનિધિત્વ કરવા માંગે છે. અગાઉ મુકેશે ઉત્તર પ્રદેશમાં મથુરા ખાતે આ કેસને ખસેડવાની રજુઆત કરી હતી. આ ઉપરાંત અન્ય કોઈ પણ રાજ્યમાં પણ કેસમાં તપાસ ચલાવવાની રજુઆત કરી હતી અને કહ્યુ હતુ કે દિલ્હીમાં ટ્રાયલ નિષ્પક્ષરીતે ચાલી શકશે નહીં કારણ કે અહીં વ્યાપક નારાજગી લોકોમાં જોવા મળી રહી છે. અરજીમાં કહેવામાં આવ્યુ છે કે આ મામલાથી લોકોની ભાવનાઓ જોડાયેલી છે. જેથી મામલાની સુનાવણી દરમિયાન કોઈ પણ પ્રકારનું દબાણ કામ કરી શકે છે. અરજી દાખલ કરનાર વકીલે જાનનો ખતરો હોવાની પણ વાત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે દિલ્હીમાં એક ચાલતી બસમાં પેરા મેડિકલની વિદ્યાર્થિની સાથે ગેંગ રેપ કરવામાં આવ્યો હતો. ૧૩ દિવસ સુધી જીવન-મરણ વચ્ચે જોલા ખાધા બાદ ૨૯મી ડિસેમ્બરના દિવસે આ યુવતીનું સિંગાપોરમાં વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યા બાદ મોત થયુ હતુ. ગેંગ રેપના કેસમાં જે આરોપીઓ છે તેમાં રામસિંહ, મુકેશ, પવન ગુપ્તા, વિનય શર્મા અને અક્ષય ઠાકુરનો સમાવેશ થાય છે. આ તમામ ઉપર ગેંગ રેપના અને યુવતીને નિર્દયરીતે માર મારવાનો આક્ષેપ થયો છે.

## એનડીએના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે સુષ્મા સ્વરાજ યોગ્ય : શિવસેના

નવી દિલ્હી,તા. ૨૯

આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર કોણ હોવા જોઈએ તેને લઈને ભાજપની અંદર જ જોરદાર ચર્ચા જામી છે. યશવંત સિંહાએ ખૂલ્લીરીતે ગુજરાતના મુખ્યમંત્રીને ટેકો આપ્યા બાદ હવે ભાજપના અન્ય એક સાથી પક્ષ શિવસેનાએ એનડીએના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે સુષ્મા સ્વરાજ વધુ યોગ્ય હોવાનો મત આપ્યો છે. શિવસેનાએ



સુષ્માનું નામ સુચવતા રાજકીય ગતિવિધિ વધી ગઈ છે. એનડીએના ઘટકપક્ષ શિવસેનાના પ્રવક્તા સંજય રાવતે કહ્યુ હતુ કે અમે એમ માનીએ છીએ કે સુષ્મા સ્વરાજ વડાપ્રધાન પદ માટે વધારે યોગ્ય ઉમેદવાર છે. તેમણે ઉમેર્યુ હતુ કે બાલ ઠાકરેએ પણ સુષ્મા સ્વરાજનું નામ જ સુચવ્યુ હતુ. શિવસેનાએ રાજકોટમાં એક મેચમાં પાકિસ્તાની ક્રિકેટ ટીમને રમવાની મંજુરી આપવા બદલ ભાજપના હિન્દુત્વના પોસ્ટલ બોય ગણાતા મોદીની હાલમાં જ ટિકા કરી હતી. શિવસેનાના મુખપત્ર સામનામાં પ્રકાશિત કરવામાં આવેલા તંત્રી લેખમાં જણાવવામાં આવ્યું છે કે પાકિસ્તાન સાથે તંગદિલીપૂર્ણ સંબંધો જોવા છતાં ગુજરાત સરકારે વાયબ્રન્ટ ગુજરાતમાં ભાગ લેવા માટે આવેલા ૨૨ સભ્યોના પ્રતિનિધિ મંડળને પરત મોકલી દીધા હતા પરંતુ એક પખવાડિયા અગાઉ પાકિસ્તાની ક્રિકેટ ટીમ રાજકોટમાં રમી ચુકી હતી. સામનાના તંત્રી લેખમાં જણાવવામાં આવ્યું છે કે જો મોદી સરકારે એવી જ રીતે પાકિસ્તાની ક્રિકેટરોને પણ પરત મોકલી દીધા હોત તો રાષ્ટ્રવાદના મુદ્દા પર ગુજરાતની મોટી સિદ્ધિ રહી હતો. મહારાષ્ટ્ર અને ગુજરાતને પાકિસ્તાનીઓ સાથે લડવા હાથ મિલાવવા જોઈએ. અત્રે ઉલ્લેખનીય છે કે નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને શાનદાર જીત અપાવ્યા બાદ સતત વધી રહી છે. મોદીના નેતૃત્વમાં ભાજપે વિધાનસભા ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતિ મેળવી હતી અને સતત ત્રીજી વખત જીત મેળવી હતી. હવે મોદીની રાષ્ટ્રીય સ્તરે ભૂમિકાને લઈને ચર્ચા ચાલી રહી છે.

## ભારતે હજુ સુધી સૌથી ઓછી ટ્વેન્ટી મેચો રમી છે : હેવાલ

નવી દિલ્હી,તા. ૨૯

આશરે ૮ વર્ષ અગાઉ ૧૭મી ફેબ્રુઆરી ૨૦૦૫ના દિવસે ઓકલેન્ડથી પોતાની યાત્રા શરૂ કરનાર ટ્વેન્ટી-૨૦ ક્રિકેટની આંતરરાષ્ટ્રીય શરૂઆત બાદથી સોમવારના દિવસે ૩૦૦મી ટ્વેન્ટી મેચ રમાઈ હતી. ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકા વચ્ચે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર રમાયેલી બીજી ટ્વેન્ટી-૨૦ મેચ રમાતાની સાથે જ ૩૦૦ ટ્વેન્ટી મેચનો આંકડો પૂરો થઈ ગયો હતો. પ્રથમ ટ્વેન્ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાઈ હતી. રસપ્રદ બાબત એ છે કે ઈન્ડિયન પ્રીમિયર લીગ જેવા ટોચના ટ્વેન્ટી-૨૦ ટુનામેન્ટનું આયોજન કરનાર ભારતે ટેસ્ટ ક્રિકેટ રમતા નવ દેશોમાંથી સૌથી ઓછી ટ્વેન્ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચો રમી છે. ભારતના નામે હજુ સુધી ૪૫ મેચ નોંધાયેલી છે. પાકિસ્તાને સૌથી વધુ ૬૬ ટ્વેન્ટી-૨૦ મેચો રમી છે જ્યારે ન્યૂઝીલેન્ડે ૬૨, ઓસ્ટ્રેલિયાએ ૬૦, દક્ષિણ આફ્રિકાએ ૫૫, શ્રીલંકા ૫૧ મેચો રમી છે. ભારતે અન્ય દેશો કરતા ઓછી મેચો રમી છે. શ્રીલંકા અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ૧૦૦મી ટ્વેન્ટી-૨૦ મેચ ૧૦મી જૂન ૨૦૦૯ના દિવસે નોટિંગ્હામમાં રમાઈ હતી. શ્રીલંકાએ આ મેચ ૧૫ રને જીતી લીધી હતી. આ મેચના બે વર્ષ બાદ ૪થી જૂન ૨૦૧૧ના દિવસે ૨૦૦મી ટ્વેન્ટી મેચ રમાઈ હતી. આ મેચ ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે પોર્ટ ઓફ સ્પેનમાં રમાઈ હતી. ભારતે આ મેચ ૧૬ રને જીતી લીધી હતી. ટ્વેન્ટી ક્રિકેટના રોમાંચક ઈતિહાસ ઉપર નજર કરવામાં આવે તો આની લોકપ્રિયતા આવનાર દિવસોમાં સતત વધે તેવી શક્યતા છે.

## શાહરુખ મામલે પાકના નિવેદનથી ભાજપ ખફા

નવી દિલ્હી, તા.૨૯

શાહરુખ ખાનને સુરક્ષા ઉપલબ્ધ કરાવવાના પાકિસ્તાનના પ્રધાનના નિવેદનથી ભાજપ પણ ભારે નારાજ છે. ભાજપે પોતાની પ્રતિક્રિયામાં કહ્યુ છે કે પાકિસ્તાને ભારતની આંતરિક બાબતોમાં ધ્યાન આપવું જોઈએ નહીં.

પક્ષના પ્રવક્તા શાહ નવાજ હુસેને કહ્યુ છે કે ભારતે આ મુદ્દે પાકિસ્તાનને કઠોર સંદેશો મોકલવો જોઈએ. ભાજપના અન્ય એક નેતા મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યુ હતુ કે પાકિસ્તાને પોતાના લઘુમતિઓની સુરક્ષાની ચિંતા કરવી જોઈએ. ભારત એક બિનસાંપ્રદાયિક દેશ છે. અત્રે ઉલ્લેખનીય છે કે રવિવારના દિવસે પણ જમાત-ઉદ-દાવાના લિડર અને ૨૬/૧૧ના માસ્ટર માઈન્ડ હફિઝ સઈદે ભારતમાં સુરક્ષિત ન હોય તો પાકિસ્તાનમાં આવી જવા શાહરુખ ખાનને કહ્યુ હતુ.

## એલપીજી સિલિન્ડર મર્યાદા વધતાં ઓટોના ગેસમાં તેજી

મુંબઈ,તા. ૨૯

સબસીડીવાળા એલપીજીની સંખ્યા મર્યાદિત કરવાના સરકારના નિર્ણયથી ઓઈલ કંપનીઓમાં ખુશીનું મોજું ફળી વળ્યું છે. કારણ કે તેમના ઓટો ગેસ સેગમેટમાં ગયા સપ્ટેમ્બર બાદથી ઉલ્લેખનીય વધારો નોંધાયો છે. દાખલા તરીકે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડના વોલ્યુમમાં ૨૨ ટકાનો વધારો થયો છે અને તેની માર્કેટ હિસ્સેદારમાં બે ટકાનો વધારો નોંધાયો છે. તેનો કારોબાર સપ્ટેમ્બર મહિનામાં ઓટો ગેસના ૮૫૯૩ મિલિયન ટનની સામે ડિસેમ્બરમાં ૧૦૫૧૭ મિલિયન ટન સુધી રહ્યો છે. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના વોલ્યુમમાં પણ આશરે ૧૩ ટકાનો ઉછાળો નોંધાયો છે. જો કે માર્કેટ હિસ્સેદારીમાં એક ટકાનો ઘટાડો થયો છે. બીપીસીએલનો ડિસેમ્બરમાં ઓટો એલપીજી કારોબાર ૪૪૯૦ મિલિયન ટન રહ્યો છે જે સપ્ટેમ્બરમાં ૩૯૮૬ મિલિયન ટન રહ્યો હતો. આવી જ રીતે એચપીસીએલમાં કારોબાર સપ્ટેમ્બર મહિનામાં ૪૨૩૯ મિલિયન ટનની સામે ડિસેમ્બરમાં ૪૭૮૮ મિલિયન ટન રહ્યો છે. સબસીડીવાળા એલપીજી સિલિન્ડરો ઉપર મર્યાદાથી ઓટો ગેસ માટેની માંગમાં વધારો થયો છે. ઓટો એલપીજીની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હોવા છતાં માંગમાં વધારો કરવામાં આવ્યો છે. સરકારે હાલમાં જ એક પરિવારને વાર્ષિક એલપીજી સિલિન્ડરની સંખ્યા વધારીને નવ કરી દીધી હતી. સપ્ટેમ્બર મહિનામાં સબસીડીવાળા એલપીજી સિલિન્ડરોની મર્યાદા ઘટાડીને છ કરી દેવામાં આવતા આની સામે નારાજગીનું મોજું ફળી વળ્યું હતું. આખરે સરકારને લોકોની માંગ સમક્ષ ઝૂંકી જઈને આ મહિનાની શરૂઆતમાં સંખ્યા વધારીને ૯ કરી દીધી હતી. ઓઈલ કંપનીઓનું કહેવું છે કે ઓટો એલપીજીમાં વધારો થયો છે જેના માટે ઘણા પરિબળો જવાબદાર છે. ઈન્ડિયન ઓઈલની ઓટો ગેસ સેગમેટમાં માર્કેટ હિસ્સેદારી ૫૨ ટકાની આસપાસ છે. તેના ૩૫૦ આઉટ લેટ છે. બીપીસીએલના ૯૧ અને એચપીસીએલના ૨૧૭ આઉટ લેટ છે.

# સમાચાર ઝલક

- સેવિંગ્સ ખાતા પર હવે દર મહિને વ્યાજ આપીને યોજના વધુ આકર્ષક બનાવાશે.
- છેલ્લી ક્ષણ સુધી ભ્રષ્ટાચાર સામે ઝઝૂમીશ : બાબા રામદેવ
- રણજી ટ્રોફી ફાઇનલમાં ૪૦મી વખત મુંબઇની ટીમ.
- કેરાલામાં અકસ્માતમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં વધુ એક વિદ્યાર્થીનું મોત.
- કુરાન અંગેના કેસમાં અભિતાભ બચ્ચન સામેની અરજી ફગાવતી હાઇકોર્ટ.
- કોજોલે બે મહિનામાં ૧૬ કિલો વજન ઘટાડ્યું.
- ચાંદીનો ભાવ એક વર્ષમાં ૬૮ % વધવાનો અંદાજ.
- હવે જીવનમાં એક જ વાર હજ યાત્રા કરી શકાશે.
- ફલેટ-મકાન સસ્તા થવાનાં એંધાણ, લેવાલીમાં મંદી, બિલ્ડરો મુશ્કેલીમાં.
- દિલિપકુમારનાં જીવનની કરૂણતા, ભાઇઓએ કોર્ટમાં કેસ કર્યો.
- અંબાજીમાં પ્રથમવાર માતાજીને શાકભાજી ફળોનો અન્નકુટ : ૭૦ શાકભાજી અને ૬૩ ફળો ધરાવવામાં આવ્યાં.
- પોરબંદરમાં ભાગવત અને રામાયણનો થશે સંગમ, પૂ. મોરારિબાપુ અને ભાઇશ્રી રમેશભાઇ એક મંચ ઉપર આવશે.
- હળવદ નગરપાલિકાની તમામ બેઠકો ભાજપે બીનહરિફ મેળવી, સમરસ પાલિકા બની.
- પોરબંદરની ૧૧ બોટો સાથે ૬૦ માછીમારોને બંદી બનાવતું પાકિસ્તાન.
- લગ્ન પ્રસંગોમાં વડિયા-પતરાળામાં ભોજન સમારંભનો ટ્રેન્ડ શરૂ.
- દરેક પંપ પર પેટ્રોલનો ભાવ અલગ રહેશે.

## Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

બધાનું જ આમ તો છોકરા - છોકરીઓ જોવાનું ચાલુ હતું. પ્રિયંકા કહેતી હતી, 'મળીને હું ૭-૮ છોકરાઓને, પણ કોઈ કલીક થયું નહીં.' (મમ્મીને ખબર જ પડતી નથી, કલીક થવું એટલે શું? એ મને એનો અર્થ પુછતી હતી. પણ એને કેમ કરીને સમજાવું. 'મૈં હું ના'માં શાહરૂખ કહે છે ને કે 'કીસી લડકી કો દેખતે હી અપને પીછે વાયોલીન બજની ચાહિયે')

આયુષી વિચારમગ્ન હતી. 'પરમ દિવસે એક છોકરાને મળવા ગઈ તો એ સતત એના મોબાઈલ જોડે જ રમતો હતો. એનું મારા તરફ ધ્યાન જ નહોતું, હવે આવા છોકરાને મારે કયાંથી હા પાડવી? મમ્મી કહેતી હતી કે એમાં શું? એને આપણે કહેવાનું કે હવે કંઈ મારા વિશે વાત કરીશું? પણ આવું એને ના ખબર પડવી જોઈએ? ભણેલો ગણેલો છોકરો હતો ને એ? પણ મમ્મીને તો છેને બધાં જ છોકરાં સારા લાગે છે. દરેક છોકરા વિશે એમ જ કહે છે કે આમાં શું ખરાબી છે? એક છોકરાનાં માથા પરનાં વાળે બાય-બાય કરેલું, કપ્લીટ ટાલીયો જ હતો અને અંકલ લાગતો હતો મારો. બીજો એકનું સ્મોકિંગથી મોઢું ગંધાતું હતું તોય મમ્મીને ગમેલો બોલો...'

આયુષીના મનમાં વિચારોનું ઘોડાપુર ઉમેટલું. મને તો જરાય ચાલશે નહીં એકાદ બ્રેક અપ વાળો. આમેય હું બહું લાગણીશીલ છું. પતિ-પત્નીનાં સંબંધમાં પારદર્શકતા મને ખુબ મહત્ત્વની લાગે છે. સિવાય સમજદારી મહત્ત્વની છે. સારો ભણેલો જોઈએ. આર્થિક પરિસ્થિતિ સારી જોઈએ... આ બધા ગુણો ના હોય તો શરૂઆતથી જ પછી સ્ટ્રગલ ચાલુ થઈ જાય છે, સંબંધમાં સલામતી તો જોઈએ ને?

એ દિવસે મમ્મી કેવું બોલે છે, 'લખીને આપતો તારે કેવો પતિ જોઈએ છે એ!' અને તું તારી જાતનેય શું સમજે છે એ પણ જરાં લખજે, અને એય પાછું યાદ રાખજે કે લગ્નમાં તડજોડ કરવી જ પડે છે. બધું કાંઈ તારા મન મરજી મુજબનું નહીં મળે...' આ વાક્ય પણ મેં એટલી વાર સાંભળ્યું છે કે થાકી છું, પણ લગ્નનો અર્થ એટલે શું? એ તો પ્લીઝ મને કોઈ સમજાવશો!!

સાચ્ચે જ કેટલી અઘરી વાત છે ને? લગ્ન એટલે! મમ્મી એ જયારે પૂછ્યું ત્યારે મેં એ વાત હસવામાં કાઢેલી, પણ સાચ્ચે જ મારે કેવો પતિ જોઈએ છે? હજી હું પણ કયાં નક્કી કરી શકી છું? અમે બધાં જ કેવાં ડાહી ડાહી વાતો કરતાં હતા. પણ બધાંને લાગ્યું કે આ બધી વાતો મહત્ત્વની તો જ છે. સિવાય ખરેખર શું છે લગ્ન. માત્ર શરીરનો સંબંધ કે પછી મનનો મેળાપ? લગ્નનું મારાં જીવનમાં કયાં સ્થાન છે?

મારી કેટલીબધી બહેનપણીઓનાં લગ્ન થઈ ગયા. પણ એકાદીને બાદ કરતાં બાકીની બહુ લગનથી ખુશ નથી. મને આ બધાંની બીક લાગે છે. મારૂં ઘર છોડીને બીજાનાં ઘરે કાયમ રહેવા જવાની વાત જ કેટલી વિચિત્ર લાગે છે? ખરેખર મૂંઝાઈ ગઈ છું, કોની સાથે વાત કરૂં? પરમ દિવસે માસી આવેલાં એય બોલ્યાં તા, 'લગ્ન એટલે જુગાર જ, પાસા આપણા મન જેવા સવળાં પડ્યાં તો ઠીક નહીં તો...' મારા મમ્મીએ તો મારા માટે હાથ ઊંચા કરી દીધાં છે, હવે તો મારે જ કંઈક કરવું પડશે...!!

**ચૂંટલો :**

લગ્નની ઉંબરે આવી ઉભેલી યુવતીઓની મનોદશા મૂંઝવનારી હોય છે, કલ્પના અને વાસ્તવિકતા વચ્ચેની મથામણમાં કયારેક ખોટા નિર્ણયો લેવાઈ જાય છે, મા-બાપ જો એને સમજી લે તો લગ્નનો નિર્ણય યુવતી માટે સદા-સુહાગન બની રહે.

## નવાં કલેવર (પાના નં. ૪ નું ચાલુ)

'કમાવા દઉં કે ભીખ દઉં? એવું હતું તો પહેલેથી કહેવું તું. તું તો ધંધો કરવા નીકળ્યો છે. કંઈ ભીખ માંગવા તો નીકળ્યો નથી. તેથી હિસાબ તો કરવો જ પડે. હિસાબ કોડીનો ને બક્ષીસ લાખની. આ હાથ લે ને પેલા હાથ દે.'

ના...ના.. આંટી હું કોઈ દિ. ભીખ નથી માંગતો ઈમાનદારી અને પૂરી મહેનતથી ધંધો કરૂં છું. હિસાબ તો કરવો જ પડે. પણ ખરૂં કહું તો કિલોએ બે રૂપિયા કમાઈશ. મરી મુસીબતે આખો દિવસમાં ત્રીસ ચાલીસ રૂપિયા મળે. માંએ લગ્ન કરાવી દીધાં છે પણ એ છોકરી રોજ હેરાન કરે છે. તે મને કહે છે કે હું બાપનું ઘર છોડીને આવી છું તો તારી પાસે એશ તો કરૂં કે નહીં. ખાઉં પીઉં ને સારા લુઘડાં પેરૂં. રોજ કુલ્ફી, ગોટાને પાણીપુરી ખાવાની જીદ કરે છે. તેથી પાંચ દશ રૂપિયા હાથ ખર્ચના રોજ તેને આપવા પડે છે. નહીંતર ઘર છોડીને જતા રહેવાની ધમકી આપે છે. લગન ને હજુ મહીનો થયો નથી. એટલામાં એને કંઈ રીતે જવા દઉં? તેણે સિત્તેર રૂપિયા કાઢ્યા અને રશ્મિના હાથમાં આપી દીધા.

રશ્મિને એ સમજ પડતી ન હતી કે તે અંદરથી જેટલી પીગળતી હતી તેટલી બહારથી સખત કેમ થઈ રહી હતી. પોતે તેની સાથે આમ કેમ વર્તતી હતી. એ ત્રાજવાના પલ્લામાં પોતાને હલકી અને તેને બહુ ભારે સમજવા લાગી હતી. તેને એમ થતું હતું કે એ જ કારણે વારંવાર તે એને તોલી રહી છે. તે બિચારો જયારથી આવ્યો છે ત્યારથી ચોર ઉચાપતીઓને બેઈમાન સાબિત કરવા મથી રહી છે. અને તે પોતાને ઈમાનદાર સાબિત કરવા એક પછી એક પરીક્ષા આપી રહ્યો છે. સિત્તેરે રૂપિયા રશ્મિ માટે કઈ મોટી રકમ છે. બાળકો માટે ચોકલેટ પૂરતી અને તેની માટે દિવસની કમાણી ગણાય. તેને અચાનક એમ થયું તે તેની હાથમાં ત્રાજવું આવી ગયું છે. ટૂટેલું પલ્લું સરખું કરીને તોળું. અચાનક તેને કંઈક સુજ્યું. તેણે પસ્તીવાળાને સિત્તેર રૂપિયા પાછા આપતાં કહ્યુ આ લે આ સીત્તેર રૂપિયા તું જ રાખ ખુશ થા બસ.

'છોકરાની આંખો ફાટીને ફાટી જ રહી ગઈ. તેને વિશ્વાસ પડતો ન હતો કે પાઈ પાઈનો હિસાબ કરનારી આ બાઈ અચાનક તેને બધી પસ્તી ફ્રીમાં આપીને સીત્તેર રૂપિયા પાછા કેમ આપે છે.'

'લઈ લે, આ ભીખ નથી.' રશ્મિની આંખમાં ચમક હતી. વાતમાં નરમાશ અને હોડ પર સ્મિત. જાણે ન્યાયની દેવીની બરોબરી કરવાનો આનંદ. ત્રાજવાના બંને પલ્લા બરાબર કરવાની ખુશી.

ભીખ નથી? તો પછી.. હું શું સમજું? હા પેલું કરવું છે? રશ્મિની આંખમાં ચમક જોઈ તેણે પૈસા ખિસ્સામાં મુકતાં કહ્યું. 'આંટી ખોટું ન લગાડતાં પણ એક વાત કહું. આગળના બંગલાવાળા આંટીનો સો દોઢસોથી ઓછા કયારેય નથી આપતાં.'

'શું કહ્યું?' રશ્મિ ચોંકી.

'તમે મને બેડરૂમમાં નહીં બોલાવો'

'શું કહ્યું? શા માટે? રશ્મિ ગુસ્સામાં બોલી?'

'હિસાબ પુરો કરવા, આંટી નારાજ ન થતાં. હું સીત્તેર રૂપિયામાં તૈયાર છું. મારે વળી શું કિંમત ભંગારના ભાવે વેચાઉં છું.'

'બત્તમીજ, તારી આ ઔકાત નહીં બદલે.'

'અરે! તમે જ વિચાર કરો ને, સીતેર રૂપિયા કોઈ ભીખમાં આપે ખરૂં? આખો દિવસ તડકામાં આખા ગામમાં ભટકું ત્યારે માંડ ત્રીસ-ચાલીસ રૂપિયા કમાઈ શકું છું. વળી તમે જ કહો છો કે આ ભીખ નથી તો તેના માટે મહેનત તો તમે કરાવશો જ ને? હિસાબતો બધા કરે જ છે. એક હાથ દે ને બીજા હાથે લે.'

'તું આવા ધંધા કરે છે? હું તો તને ઈમાનદાર પસ્તીવાળો સમજતી હતી. પસ્તીનો ધંધો કરે છે ખુદનો.'

રશ્મિ ગુસ્સે થઈને બોલી.

'છું તો પસ્તી ભંગારવાળો પણ પસ્તીને ભંગાર લેતાં વેચતાં ખુદ હું કઈ રીતે ખરીદવાને વેચવા લાગ્યો તેની પણ ખબર નથી. શું કરૂં ફકત ભંગારને પસ્તી વેચતાં પેટનો ખાડોને જિંદગી તો હિસાબ કિતાબ બરાબર થતો નહોતો. તેમાં કોઈ ન મદદ કરે કે કરી શતે. જયાં જાઉં ત્યાં દરેક માણસને ભંગાર કે પસ્તીની જેમ ચોર સમજી ઘરની બહાર ફેંકે તેમાં કોઈ જો મને સસ્તી કિંમતે ખરીદી લે વાપરીને પસ્તીની જેમ ફેંકી દે તો તેમાં મારો શું વાંક. છ વર્ષનો હતો ત્યારથી બાપની સાથે પસ્તી વેચતો વેચતો હું જ પસ્તી થઈ ગયો છું. ના તો ભણ્યો કે ગણ્યો. ખરેખર મારી જિંદગીની કિંમત જ શું છે. પસ્તીના ભાવે આ દુનિયામાં છ ભાઈ-બહેનો સાથે આવ્યો છું. ને એ ભાવે જઈશ. લાકડાંના પૈસા તો છે નહીં મરીશ તો ય છાપાંની પસ્તીથી મને બાળશે' તે બોલ્યો.

મારે તારૂં ભાષણ સાંભળવું નથી. હું તો તમે મારી દકરાની જેમ સમજતી હતી પણ તું તો...

'લ્યો કરો વાત, હું પણ તમને માં જેવાં જ ગણતો હતો. પણ આ પૈસા બહુ હરામી ચીજ છે. તેને કોઈ સંબંધ નથી હોતો. ઘોડો ઘાસ સાથે દોસ્તી કરે તો ખાય શું? આંટી ધંધામાં દીકરાની વાત ક્યાં હોય છે? ધંધામા સંબંધ કેવો વાત કેવી. ધંધામાં તો લેવડ દેવડ થાય ને કામ થાય. કામ કરો ને પૈસા લો. બીજા લોકો મારી સાથે ધંધાની વાત કરે ત્યારે મા. દિકરો, ભાઈ, બહેન, એવું કંઈ વિચારતો નથી તો તમે ?'

'તું હવે અહીંથી જાય છે કે પછી ? તારા જેવા લોકોની દયા ખાવા જેવી નથી. તમારી ઔકાત કયારેય બદલશે નહીં?' રશ્મિએ જરા કડક સ્વરે કહ્યું.

'આંટી ઔકાત કેવી રીતે બદલે'

'ચૂપ મને આંટી ન કહેતો'

'ખરેખર પસ્તી ભંગારથી વધુ મારી ઔકાત નથી. જયારે હું મારી બાપુને પૂછતો કે આ પસ્તી શું કામમાં આવે છે તો એ કહેતા કે તે રીસાઈકલ થાય છે. પણ પસ્તીમાંથી રદ્દી કાગળ જ બને છે. એટલે કે રીસાઈકલ થવા છતાં તેની ઔકાત તો પસ્તી જેટલી જ રહે છે. મારા બાપે પસ્તીનો ધંધો કર્યો. પસ્તીની જેમ છોકરાં પણ પેદા કર્યાં. તો હવે હું પણ બીજું શું કરી શકવાનો હતો. પસ્તીની જેમ છોકરો પેદા કરીશ. જે બાપ-દાદાનો ધંધો સંભાળશે. પસ્તી ખરીદશે વેચશે. તે રંગીન સપના જોશે તો એ પણ પસ્તીના ભાવે વેચાશે. ખરેખર પસ્તી કે ભંગાર વેચનારની શી ઔકાત, ભંગાર જેટલી જને!'

'તું હવે અહીંથી નીકળ, સાંભળ્યું કે નહીં.'

'મેં આ જ દિવસ સુધી કોઈ પાસે ભીખ નથી માંગી, હું મહેનત અને ઈમાનદારીથી ધંધો કરૂં છું.' એટલું કહીને પસ્તીવાળા છોકરાએ સીત્તેર રૂપિયા જમીન પર મૂકી દીધા. અને પાછો વળી લારી ખેંચી ચાલતો થયો. પસ્તી.. ભંગાર...

એ રીતે જતો હતો. જાણે કોઈ નક્કામો કાગળ ઉડીને હવાની ઝપટમાં રોડ પર આગળ ઉડતો... ઉડતો... જતો હોય...